# આવતીકાલે સે-૭માં નવી આવાસ યોજનાનુ લોકાર્પણ

**સી કક્ષાના ૨૮૦ અદ્યતન મકાનો તૈયાર : કોર્પોરેટ લુક ધરાવતા આવાસ સંકુલમાં પાર્કીંગ ,ગાર્ડન, રેઇન વોટર હારવેસ્ટીંગ સિસ્ટમ સહીત સઘળી સુવિધા : આવાસ યોજનાને શ્યામજીકૃષ્ણ વર્મા નામ અપાયુ**



ગાંધીનગર તા ૧૩

સે-૭ બી માં નિર્માણ કરાયેલા નવા આવાસોની કોલોનીને શ્યામજી કૃષ્ણ વર્મા પાર્ક નામ આપવામાં આવ્યુ છે. સી કક્ષાના ૨૮૦ મકાનો તૈયાર કરી દેવાયા છે. જયારે કોર્પોરેટ લુક ધરાવતા આ આવાસોમાં સઘળી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. આવતીકાલે શનિવારે આ આવાસોનો લોકાર્પણ સમારોહ યોજવામાં આવશે. ૧૭,૫૦૦ ચો મી વિસ્તારમાં નિર્માણ કરાયેલા આવાસો પાછળ ૬૩.૫૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. બે બેડરૂમ હોલ કિચન સહીત સઘળી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

શહેરમાં નિકાલ હેઠળના ૧૯૦૦ જેટલા મકાનોનો કડુસલો બોલાવી દેવાયા બાદ દાયકાઓ જુના અને જોખમી આવાસો દુર કરી તેના સ્થાને માર્ગ મકાન વિભાગ દ્વારા નવા કોર્પોરેટ લુક ધરાવતા અદ્યતન મકાનો બાંધવામાં આવ્યા છે. સે-૭ બી માં આવસોની કોલોની તૈયાર પણ કરી દેવામાં આવી છે. સેકટરના શોપિંગ પાછળના વિસ્તારમાં સ્થિત આ આવાસ યોજના કુલ ૧૭૫૦૦ ચો મી જગ્યામાં નિર્માણ કરવામાં આવી છે. જેમાં ૮૫ ચો મી ના કુલ ૨૮૦ યુનિટ તૈયાર કરવામાં આવ્યા છે. કોર્પોરેટ લુક ધરાવતા આવાસો પાછળ રૂ ૬૩.૫૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે આવાસ યોજનાને અનુલક્ષી દરેક ફલેટમાં ડ્રોઇંગ રૂમ વિથ બાલ્કની ,કીચન,બે બેડરૂમનુ બાંધકામ કરવામાં આવ્યુ છે. જયારે આવાસ યોજનાના સંકુલમાં પાર્કીંગની સુવિધા, દરેક બ્લોકમાં લીફટ તેમજ ફાયર ફાઈટીંગ સિસ્ટમ ઉપરાંત વરસાદી પાણીના સંગ્રહ માટે રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ પેવર બ્લોક સાથે આંતરિક રસ્તા , હરિયાળા ઉદ્યાન ઉપરાંત સંકુલમાં એલ ઈ ડી લાઈટની પણ સુવિધા ઉભી કરવામાં આવી છે. ગ્રાઉન્ડ પ્લસ ૭ માળના બાંધકામ સાથે અદ્યતન આવસોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. તા ૧૫ જુલાઈના રોજ સવારે ૧૦ કલાકે આ આવાસોનુ લોકાર્પણ કરવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલના હસ્તે લોકાર્પણ સમારોહ યોજાશે. આ તબક્કે ધારાસભ્ય અશોક પટેલ મેયર પ્રવિણ પટેલ તેમજ ગુડાના ચેરમેન આશિષ દવે પણ હાજર રહેશે. નવી આવાસ યોજનાનુ શ્યામજી કૃષ્ણ વર્મા પાર્ક નામકરણ કરવામાં આવ્યુ છે.

# રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ધારાસભ્યો માટે ગુલાબી રંગનું મતપત્રક

**પ્રથમવાર વિધાનસભા સંકુલ બહાર મતદાન થશે : સ્વર્ણિમ સંકુલ-૨માં મતદાન મથક બનશે : ૪૬ વર્ષ પૂર્વે મતદાનનું મૂલ્ય નિયત થયુ છે**

ગાંધીનગર, તા. ૧૩

આગામી ૧૭મીએ દેશના રાષ્ટ્રપતિની ચૂંટણી માટે રાજયમાં પહેલીવાર વિધાનસભા સંકુલ સિવાયના નિયત કરાયેલ મતદાન મથક પર મતદાન યોજાશે.

ચૂંટણીપંચે આ માટે સ્વર્ણિમ સંકુલ-૨માંઆવેલ સાપુતારા હોલમાં મતદાન મથક બનાવવાનો નિર્ણય મંજૂર રાખ્યો છે અને તે અંગેનું વિધિવત્ જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યુ છે.

સ્વર્ણિમ સંકુલ-૨ માં આ મતદાન મથક ઉભુ કરવામાં આવશે. જે પણ આ નવરચિત સંકુલની ઐતહાસિક ઘટના બનશે. વિધાનસભા સંકુલના રિનોવેશનને પગલે મતદાનમથકમાં ફેરફાર કરવાની સ્થિતિ ઉભી થતાં આ નવા મતદાન મથક માટેની દરખાસ્ત કરાઈ હતી અને પંચે પણ તે ગ્રાહ્ય રાખી છે.

દેશના રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાનનો સમય ૧૦ થી ૫ નો રાખવામાં આવ્યો છે. આ માટેની તૈયારીઓ પણ થઈ ચુકી છે. મતદાન પૂર્ણ થયા બાદ આસિ. રિટર્નીંગ ઓફિસર અને અન્ય એક અધિકારી મતપેટી લઈ દિલ્હી જશે જયાં ૨૦મીએ મતગણતરી પૂર્ણ થયા બાદ પરત આવશે.

રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં ધારાસભ્યો માટે ગુલાબી રંગનું બેલેટ પેપર તૈયાર કરવામાં આવ્યુ છે. જયારે સાંસદો માટે બીજો કલર રાખવામાં આવ્યો છે.

ગુજરાતના ધારાસભ્યોની સંખ્યા ૧૮૨ છે અને ધારાસભ્યના મતનુ મૂલ્ય ૧૪૭ નિયત કરવામાં આવ્યુ છે.

આ ચૂંટણીમાં મતનું મૂલ્ય ૧૯૭૧ની વસ્તી ગણતરીના પરિણામોને ધ્યાને રાખી નિયત કરવામાં આવેલ છે. ૪૬ વર્ષ પછી પણ તેમાં કોઈ ફેરફાર થયો નથી. ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૫૯ કરોડ જેટલી વસ્તી ભારતની હતી જયારે ગુજરાતની વસ્તી ૨.૬૬ કરોડ હતી.

રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન કરવા માટે ધારાસભ્યો સ્વર્ણિમ સંકુલ-૨ માં જશે.

દરમ્યાન એન.ડી.એ.ના રાષ્ટ્રપતિપદના ઉમેદવાર રામનાથ કોવિંદ ૧૫મીએ ગાંધીનગર આવી રહ્યા છે.

# ગુણોત્સવનું પરિણામ આખરે વિગતવાર જાહેર

**જિલ્લામાં એ પ્લસ મેળવતી શાળા ૨૬, એ ગ્રેડ મેળવતી શાળા ૩૩૬, બી ગ્રેડ ધરાવતી શાળા ૨૯૩, સી અને ડી ગ્રેડની શાળા ૨૮**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના ગુણોત્સવનું પરિણામ જાહેર થયુ છે જો કે તેમાં નજીવા ફેરફારો સાથે સી અને ડી ગ્રેડની શાળાઓમાં ઘટાડો નોંધાતાં તંત્રમાં મિશ્ર લાગણીઓ જોવા મળી રહી છે.

જિલ્લાના પરિણામ પર નજર કરીએ તો એ પ્લસ મેળવતી શાળાઓની સંખ્યા ૨૬ છે, જયારે એ ગ્રેડ મેળવતી શાળાની સંખ્યા ૩૩૬, બી ગ્રેડ મેળવતી શાળાની સંખ્યા ૨૯૩, સી ગ્રેડ મેળવતી શાળાની સંખ્યા ૨૧ અને ડી ગ્રેડ મેળવતી શાળાની સંખ્યા ૭ છે.

તાલુકાવાર પરિણામ જોઈએ તો દહેગામમાં એ પ્લસ મેળવતી શાળા નવ, ગાંધીનગરમાં એક, કલોલમાં ૭ અને માણસામાં ૯ શાળાનો સમાવેશ થાય છે. જયારે એ ગ્રેડ મેળવતી શાળા દહેગામમાં ૧૪૯, ગાંધીનગરમાં ૫૮, કલોલમાં ૫૯ અને માણસામાં ૭૦ શાળાનો સમાવેશ થાય છે.

બી ગ્રેડ મેળવતી શાળાઓમાં દહેગામની ૬૬, ગાંધીનગરની ૧૩૨, કલોલની ૬૧ અને માણસાની ૩૪ શાળાનો સમાવેશ થાય છે. સી ગ્રેડ મેળવતી શાળાઓમાં ગાંધીનગરની ૬, કલોલની ૯ અને માણસાની ૬ શાળાનો સમાવેશ થાય છે.

ડી ગ્રેડ મેળવતી શાળામાં દહેગામની એક, ગાંધીનગરની ૫ અને કલોલની એક શાળાનો સમાવેશ થાય છે. જિલ્લાની ૬૮૩ પ્રા. શાળામાં આ ગુણોત્સવ-૭ યોજવામાં આવ્યો હતો. ગુણોત્સવનું રાજયકક્ષાએ પરિણામ જાહેર થઈ ગયુ હતુ પરંતુ જિલ્લાઓનું વિગતવાર પરિણામ મોડુ મુકાયુ છે જેમાં કેટલીક ટેકનીકલ ક્ષતિઓ ઉભી થઈ હોવાથી આ સ્થિતિ ઉભી થઈ હોવાનુ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# વાહકજન્ય રોગચાળાના હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સાથે જન જાગૃતિ અભિયાન

**ચાર દિવસમાં ૪ હજારથી વધુ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને લઈ ચાલી રહેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આજે ચોથા દિવસે ૩૭,૩૪૫ આવાસો અને ૧.૮૫ લાખ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

આજે ચોથા દિવસના સર્વેલન્સ દરમ્યાન ૧૧૭૯ સ્થાનોએથી મચ્છરોના બ્રીડીંગ મળી આવ્યા છે. જેનો પોરાનાશક કામગીરી કરી નાશ કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા જિલ્લામાં અત્યાર સુધીમાં ૪ હજારથી પણ વધુ સ્થાનોએ મચ્છરોના પોરા શોધી તેનો નાશ કરવામાં આવ્યો હોવાની મોટી સિદ્ધિ હાંસલ કરી છે.

તંત્રની ટીમો દ્વારા આજે તાવના વધુ ૫૦૮ દર્દી શોધી કાઢવામાં આવ્યા છે. મળતી વિગતો મુજબ તંત્રની ટીમો દ્વારા લોહીના નમૂના મેળવી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે. તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે અત્યાર સુધીના પરીક્ષણ દરમ્યાન બે મેલેરિયા પોઝીટીવના દર્દીઓ મળી આવ્યા છે.

જિલ્લામાં મોટી સંખ્યામાં મળેલા મચ્છરોના ઉત્પત્તિ કેન્દ્રો પર

● અનુસંધાન પાન-૭ પર

# ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણીને પગલે તંત્રને એલર્ટ મોડ પર

**આગામી ૭૨ કલાકમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી**

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદ ૧૪ થી ૧૬ જુલાઈ દરમ્યાન થવાની હવામાન ખાતાએ કરેલી આગાહીને પગલે આજે જિલ્લાના વહીવટીતંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવ્યુ છે.

મામલતદાર, તલાટી, તા.વિ.અ. સહિતના સૌ કર્મચારી અધિકારીને ફરજનું સ્થાન નહિ છોડવા તેમજ કોઈ આપત્તિની સ્થિતિ ઉભી થાય તો જિલ્લાના ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરનો સંપર્ક સાધવાની સૂચના આપવામાં આવી છે.

કચ્છથી અરબી સમુદ્ર વચ્ચે અને મધ્યપ્રદેશ નજીક ઉભી થયેલ લો પ્રેશર સિસ્ટમને પગલે ગુજરાતમાં આગામી ૭૨ કલાકમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન ખાતાએ કરી છે.

# ગાંધીનગરના બિલ્ડર એસો. દ્વારા જીએસટી અને રેરાના માર્ગદર્શન સેમિનાર

ગાંધીનગર તા ૧૩

રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી એકટ તેમજ જી એસ ટીના અમલની શરૂઆત બાદ આગમી દિવસોમાં એસ્ટેટ બિઝનેસની વ્યાખ્યા બદલાશે ત્યારે તે અંગે બિલ્ડરોને આ અંગે સંપુર્ણ માર્ગદર્શન તેમજ જરૂરી સમજણ મળે તેવા આશયથી ગાંધીનગર બિલ્ડર એસોસિએશન દ્વારા તા ૧૫ જુલાઈના રોજ કુડાસણ સ્કુલ ઓફ અચિવરના ઓડિટોરીયમ હોલમાં બપોરે ૩ કલાકે એક સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ દરમિયાન નિષ્ણાંત તજજ્ઞો દ્વારા વિષય અંગે જરૂરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે.

ગાંધીનગર બિલ્ડર એસોસિએશનના જશુ એમ પટેલના જણાંવ્યા મુજબ રેરા તેમજ જી એસ ટીનો અમલ શરૂ થયા બાદ આ કાયદા અંગે પુરતી સમજ કેળવવી અનિવાર્ય છે. રેરાના લીધે રીયલ એસ્ટેટ બિઝનેસની વ્યાખ્યા પણ બદલાશે. ત્યારે બિલ્ડર લોબીને પણ યોગ્ય માહીતી અને માર્ગદર્શન મળે તે જરૂરી છે. જેને ધ્યાને લઈ બિલ્ડર એસોસિએશન દ્વારા આ ખાસ સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ સેમિનારમાં પરેશ જાની તેમજ સુરેશ પટેલ રેરા અંગે તેમજ રાહુલ પટેલ જી એસ ટી અંગે માર્ગદર્શ પુરુ પાડશે. આ ઉપરાંત આ સેમિનારમાં ક્રેડાઈ ગુજરાતના પ્રમુખ શરીફ મેમણ અને આશિષ પટેલ પણ હાજરી આપશે.



શહેરનું ખેતર ખેડાયું - વાવણી લાયક વરસાદને પગલે ખેડૂતોએ વાવણી આરંભી છે... ગ્રામીણ વિસ્તારોમાં ગામના પાદરથી ખેતરોનો આરંભ થાય અને વહેલી સવારથી ખેડૂત ખેતરે જાય... ગાંધીનગરમાં સ્થિતિ ઉલટી છે... શહેરની વચ્ચોવચ્ચ ખેતર છે... અને ખેતરની વાવણી કરવા માટે ગામડેથી ખેડૂત શહેરમાં આવે છે... રામકથા મેદાનથી જાણીતું બનેલું આ ખેતર છેલ્લા બે દિવસથી ખેડાઈ રહ્યું છે... હજુ તો ભાજપનો છૂટી રહ્યો છે ત્યાં બીજી તરફ વાવણીનું કામ આરંભાયું છે... કદાચ આખા દેશમાં અનોખુ સ્થાન હશે... કે આસપાસ ઉંચી - ઉંચી ઈમારતો અને વચ્ચે લીલુછમ ખેતર... અને એ ખેતર પણ વિધિવત રીતે ખેડાય, વાવણી થાય, પાક લણાય અને લેવાય... આ ક્રમ ૪૯ વર્ષનો છે...

# શહેરના મુખ્યમાર્ગો પર દિવસે લાઈટની ઝગમગાટ રાત્રિના સેકટરોમાં અંધારપટ્ટ

**એલ ઇ ડી લાઇટના પ્રોજેક્ટના અમલ બાદ સ્ટ્રીટ લાઇટની ફરિયાદો યથાવત**

ગાંધીનગર તા ૧૩

શહેરના સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી અંધારપટ છવાયેલો જોવા મળે છે. સાંજ ઢળતા જ વરસાદી ઋતુમાં ઘનઘોર અંધારુ છવાઈ જતા સેકટરવાસીઓમાં ભયની લાગણી વ્યાપી છે. એકબાજુ તસ્કરી વૃતિનો ભય પણ સતાવી રહયો છે. બીજીતરફ નગરના મુખ્ય માર્ગો પર વિજબચતની એસી તેસી કરીને ધોળા દિવસે પણ લાઈટો જબુકતી જોવા મળી રહી છે. એલ ડી પ્રોજેકટ અન્વયે વિજબીલની રકમમાં મોટી બચત થશે તેવી સોહામણી વાતોના અંતે સેકટરોની રોશની છીનવાઈ ગઈ હોવાનો રોષ પણ સેકટરવાસીઓ ઠાલવી રહયા છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીના મામલે એલ ઈ ડી પ્રોજેકટ અમલી બનાવાયા બાદ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની સુવિધા સદંતર બદતર હાલતમાં છે. અગાઉ પણ સેકટરોમાં હયાત સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ પૈકી ૪૦ ટકા બંધ હાલતમાં હોવાનો આક્રોશ પ્રબળ બન્યો હતો. જયારે એલ ઈ ડી પ્રોજેકટ અમલી બનાવાયા બાદ ૬ મહીનાના અંતે પણ સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ હજુ પણ

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેકટર-૨૧, ગાંધીનગર.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com